પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૯૨ | ૧૨ જુન, ૨૦૧૯, બુધવાર; જયેષ્ઠ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ‘વાયુ’ આજે મધરાતે ગુજરાતને ધમરોળશે

**વાવાઝોડું આવતીકાલે વહેલી સવારે પોરબંદર, મહુવા, વેરાવળ અને દીવ-દમણમાંથી પસાર થશે : આવતીકાલે અને ૧૪મી જૂને કચ્છ-સૌરાષ્ટ્રમાં ૪ ઈંચ જેટલો વરસાદ પડી શકે છે, સાથો સાથ, પવનની ઝડપથી ઝાડ-પાન સહિત છાપરાવાળા કાચા મકાનોને નુકસાન થવાની સંભાવના : ગુજરાતના તમામ બીચ પર સહેલાણીઓને જવા પર પ્રતિબંધ મૂકાયો, વાવાઝોડું ફંટાવાનું નહીં હોવાથી રાજ્ય સરકારે યુદ્ધના ધોરણે કાર્યવાહી હાથ ધરી**

અમદાવાદ,તા. ૧૧

ગુજરાત ઉપર વિનાશકારી વાવાઝોડાનો ખતરો તોળાઈ રહ્યો છે જેના પરિણામ સ્વરુપે સાવચેતીના તમામ પગલા લેવાઈ રહ્યા છે. કોઈપણ પ્રકારના નુકસાનને ટાળવા માટે તંત્ર સંપૂર્ણપણે સજ્જ થઈ ગયું છે. ઝીરો ટોલરન્સ, ઝીરો કેજ્યુઆલીટીના મક્કમ નિર્ધાર સાથે રાજ્યનું વહીવટીતંત્ર વાયુ વાવાઝોડાના સામના માટે તૈયાર છે. મુખ્ય સચિવ જેએન સિંઘે આજે આ મુજબનો દાવો કર્યો હતો. વેરાવળથી દિવ વચ્ચેના દરિયાકાંઠે વાવાઝોડું સંપૂર્ણ શક્તિ સાથે ત્રાટકનાર છે. ગુજરાત તરફ વાવાઝોડુ આગળ વધી રહ્યું છે તેની



ગતિ વધી રહી છે. હાલમાં વેરાવળથી ૫૭૦ કિલોમીટરના અંતરે છે. આગામી દિવસોમાં આગળ વધવાથી તેની ગતિ વધશે. સંપૂર્ણ તાકાત સાથે ત્રાટકનાર વાવાઝોડા દરમિયાન ભારે વરસાદ પણ થઈ શકે છે. બેઠકોના દોર વચ્ચે આજે જિલ્લા કલેક્ટરોને વિડિયો કોન્ફરન્સિંગથી માર્ગદર્શન

● અનુસંધાન પાન-૭ પર

## મોરબીમાં ૫૯૦૦ લોકોને ખસેડાયા, સુરતમાં બીચ બંધ

વાવાઝોડાના જોખમને પગલે મોરબીમાં ૫૯૦૦ લોકોને સુરક્ષિત ખસેડવામાં આવ્યા છે. છેવાડાના ૩૫ ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. મોરબી વહીવટી તંત્ર દ્વારા વાવાઝોડાની અગમચેતીના પગલાં ભરવામાં આવ્યા છે.

વાયુ વાવાઝોડાને પગલે સુરતના ડુમસ બીચ અને ગોલ્ડન બીચ બંધ કરાયા છે. પોલીસ દ્વારા સાવચેતીના ભાગરૂપે બીચ બંધ કરવામાં આવ્યા છે. બંને બીચ આગામી તા. ૧૫ સુધી બંધ રહેશે.

## રાજ્યનું વહીવટી તંત્ર સાબદુ

**દીવમાં ત્રણ નંબરનું સિગ્નલ લગાડવામાં આવ્યું**

દીવમાં ગઈકાલે એક નંબર બાદ બે નંબરનું સિગ્નલ લગાડાયું હતું. આજે ત્રણ નંબરનું સિગ્નલ લગાડવામાં આવ્યું છે. તેમજ પ્રવાસીઓને સલામત સ્થળે પહોંચી જવા સૂચના આપી દેવાઈ છે. બીજીબાજુ, અમરેલીના ૨૩ ગામોને એલર્ટ કરી દેવાયા છે. વાવાઝોડાને પગલે જાફરાબાદ બંદર પર એલર્ટ જાહેર કરાયું છે. જાફરાબાદના ૧૦ ગામો અને રાજુલાના ૧૩ ગામોને એલર્ટ કરાયા છે. તો, ભાવનગરના પણ ૩૪ ગામો હાઈએલર્ટ જાહેર કરી દેવાયા છે. પોરબંદરમાં કેન્દ્રની રેસ્ક્યુ ટીમ સાંજ સુધીમાં આવી પહોંચી હતી. બંદર કાંઠે ૧ નંબરનું સિગ્નલ લગાવી દેવામાં આવ્યું છે. વાવાઝોડાની અસર સૌરાષ્ટ્ર પંથકમાં વધુ હોઈ ગીર સોમનાથ જિલ્લાનું સમગ્ર તંત્ર સજ્જ બન્યું છે.

**ઉનામાં શાળાઓમાં ત્રણ દિવસની રજા જાહેર**

રાજકોટ બાદ ઉનામાં પણ શાળાઓમાં આગામી ત્રણ દિવસની રજા જાહેર કરવામાં આવી છે. તેમજ પર્યટકોને વાવાઝોડા વિશે માહિતગાર કરવાની અને નીચાણવાળા વિસ્તારોને રેસ્ક્યુ ઓપરેશન કરવા તેમજ વાવાઝોડાને લઈને લોકોને સાવધાન કરવા માટે તંત્ર દ્વારા પગલા લેવાયા છે.

**રાજકોટમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટની બેઠક યોજાઇ**

વાયુ વાવઝોડાને લઈને રાજકોટમાં કલેક્ટર, એડિશનલ કલેક્ટર, ટીડીઓ, પ્રાંત અધિકારી અને મામલતદાર વચ્ચે બેઠક યોજાઈ હતી. બેઠકમાં તમામને હેડ ક્વાર્ટર નહી છોડવા સુચના આપવામાં આવી છે. રાજકોટમાં આજે ૩૨ લોકોની એનડીઆરએફની ટીમ પહોંચી હતી. ૩૦ જવાનો, એક ઈન્સપેક્ટર અને એક સબ ઈન્સ્પેક્ટર મળી કુલ ૩૨ લોકોની એક એનડીઆરએફ ટીમ બનાવશે. ૧૭ બોટ રાજકોટ જિલ્લામાં ઉપલબ્ધ કરવામાં આવી છે. એનડીઆરએફ બે બોટ અને રેસ્ક્યુના સાધનો લઈ રાજકોટ પહોંચશે.

**રાજકોટમાં ૧૩ જુને શાળા-કોલેજોમાં રજા જાહેર**

વાવાઝોડાના પગલે રાજકોટ મ્યનિસિપલ કમિશનર દ્વારા તા.૧૩ જુનના રોજ શાળા-કોલેજોમાં રજા જાહેર કરી છે. પોરબંદર શહેરમાં જોખમી વૃક્ષોનું ટ્રીમીંગ કરવામાં આવ્યું હતું. પવનના કારણે વૃક્ષો ધરાશાયી ન થાય તે માટે કાર્યવાહી કરવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## પોરબંદરના ૭૪ ગામના ૩૫૦૦૦ લોકોનું સ્થળાંતર

રાજ્યના દરિયાકાંઠેથી પસાર થઈ રહેલા વાયુ વાવાઝોડાને પહોંચી વળવા માટે તંત્ર સજ્જ છે, જેને ધ્યાને રાખી પોરબંદરમાં સંભવિત વાયુ વાવાઝોડાને લઈ ૭૪ ગામના લોકોનું સ્થળાંતર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, આ તમામ ગામમાંથી અંદાજે ૩૫૦૦૦ લોકોનું સ્થળાંતર કરી સુરક્ષીત સ્થળે ખસેડવામાં આવશે.

પ્રાપ્ત વિગત પ્રમાણે વાયુ વાવાઝોડાને ધ્યાને રાખી પોરબંદર જિલ્લા ક્લેક્ટરે પત્રકારો વાતચીત કરી હતી, જેમાં તેઓએ વાવાઝોડાને પહોંચી વળવા માટે તૈયારીઓ અંગે માહિતી આપી હતી. ક્લેક્ટરે જણાવ્યું કે પોરબંદર જિલ્લામાંથી ૭૪ ગામના ૩૫૦૦૦ લોકોનું સ્થળાંતર કરવામાં આવશે, તમામ લોકોને સુરક્ષીત સ્થળે ખસેડવામાં આવશે.

કલેકટરે વધુમાં જણાવ્યું કે એનડીઆરએફની ૩ ટીમોની મદદ લેવામાં આવશે, સાવચેતીના ભાગરૂપે પોરબંદરની ચોપાટી પર પ્રવેશબંધી કરવાની વિચારણા ચાલી રહી છે. આ સિવાય જિલ્લાની તમામ શાળા-કોલેજમાં ત્રણ દિવસની રજા રહેશે તથા ૧૨થી ૧૪ તારીખ સુધી રજા રહેશે.

## આર્મી-એરફોર્સની મદદ લેવા તંત્ર પૂર્ણ તૈયાર

**કેન્દ્ર સરકારે પણ જરૂરી નિર્દેશો જારી કર્યા : કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને જરૂરી સૂચનાઓ જારી કરાઇ : વહીવટી તંત્રને એકદમ હાઇએલર્ટ પર મૂકી દેવાયું**

ગાંધીનગર, તા.૧૧

સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયા કિનારે વાયુ વાવાઝોડુ ત્રાટકવાની સંભવિત સ્થિતિને લઈ આજે રાજ્ય પોલીસવડા, એરફોર્સ, આર્મી, કોસ્ટલ, હવામાન, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સહિતના સંબંધિત વિભાગો સાથે રાજ્યના મહેસૂલ વિભાગના મુખ્ય સચિવે બેઠક યોજી હતી. ઉપરાંત પ્રભાવિત થનારા જિલ્લાઓના કલેક્ટર સાથે વીડિયો કોન્ફરન્સ પણ કરવામાં આવી હતી. વાયુ વાવાઝોડાના કારણે ભાવનગરના કોસ્ટલ એરિયાથી લઈ અમરેલી, સોમનાથ, જૂનાગઢ, જામનગર, રાજકોટ, મોરબી, ગીર સોમનાથ, પોરબંદર, દ્વારકા સહિતના વિસ્તારો વાવાઝોડાથી પ્રભાવિત થવાની શકયતા છે ત્યારે સમગ્ર રાજયમાં તંત્રને એકદમ હાઈએલર્ટ પર રાખી દેવાયું છે. ખુદ વાયુ વાવાઝોડાને લઈ આજે કેન્દ્ર સરકાર પણ હરકતમાં આવી હતી.

## ન્યુઝ ટ્રેક

**અમેરિકાના વિદેશ મંત્રી ભારતના પ્રવાસે**

અમેરિકાના વિદેશ મંત્રી માઈક પોમ્પિયો આગામી તા. ૨૪ જૂને ભારતની મુલાકાતે આવી રહ્યા છે. ભારત અને અમેરિકાના સંબંધો વિશે તેઓ ભારતીય મહાનુભાવો સાથે ચર્ચા કરશે અને વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેશે.

**અદનાન સામીનું ટવીટર એકાઉન્ટ હેક**

અમિતાભ બચ્ચન બાદ તુર્કીના હેકર ગ્રુપે હવે સિંગર અદનાન સામીનું ટવીટર એકાઉન્ટ હેક કરી લીધું છે. હેકરે અદનાનનો ફોટો હટાવી પાકિસ્તાની પ્રધાનમંત્રી ઈમરાનખાનનો ફોટો લગાવી દીધો છે.

**હિમાચલના જંગલોમાં આગ**

હિમાચલ પ્રદેશમાં આકરી ગરમીમાં જંગલોમાં આગ લાગી ગઈ છે. જંગલોની આ આગથી બહુમૂલ્ય વનસંપદા બળી રહી છે. વન વિભાગના આંકડાઓ અનુસાર અત્યાર સુધી જંગલોમાં આગના ૫૨૩ મામલાઓ સામે આવ્યા છે.

**તુવેરની દાળનો ભાવ રૂ.૧૦૦ને પાર પહોંચ્યો**

સામાન્ય માણસને હવે દાળની મોંઘવારી સતાવી રહી છે. દેશની રાજધાની દિલ્હીના રિટેલ માર્કેટમાં તુવેર દાળનો ભાવ ૧૦૦થી ૧૨૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવ સુધી પહોંચી ગયો છે.

## અરૂણાચલની પહાડીઓ પર લાપત્તા વિમાનનો કાટમાળ દેખાયો

**જટિલ ક્ષેત્ર હોવાથી કમાન્ડોને હેલિકોપ્ટરથી ઉતારવામાં આવશે : ગ્રાઉન્ડ સ્ટાફને પહોંચવામાં પણ બે દિન લાગશે**

નવી દિલ્હી, તા. ૧૧

ભારતીય હવાઈ દળના લાપત્તા થયેલા વિમાન એએન-૩૨નો કાટમાળ અરુણાચલ પ્રદેશના સિયાન જિલ્લામાં દેખાયો હોવાના અહેવાલ મળ્યા છે. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. વિમાનને છેલ્લા એક સપ્તાહથી શોધી કાઢવાની પ્રક્રિયા ચાલી રહી હતી. હવે એવી જગ્યા ઉપર પણ પહોંચવાની બાબત પણ મુશ્કેલરુપ દેખાઈ રહી છે જ્યાં કાટમાળ દેખાઈ આવ્યો છે. કારણ કે, આ વિસ્તારમાં વન્ય વિસ્તાર છે. કાટમાળ વાળી જગ્યા પર કમાન્ડોને હવે હેલિકોપ્ટર મારફતે ઉતારવામાં આવશે અને ગ્રાઉન્ડ પાર્ટીને ત્યાં પહોંચવામાં એક અથવા બે દિવસ લાગી શકે છે. પૂર્વ અરુણાચલ પ્રદેશની પહાડીઓ ઉપર અગાઉ પણ આવા વિમાનોના કાટમાળ મળ્યા છે જે બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન લાપત્તા થઈ ગયા હતા. આ અમેરિકી વિમાન ચીનના કુનમિંગમાં લડી રહેલા તાત્કાલિક ચીની પ્રમુખ ચિયાંગ કોઈ શેકના સૈનિકો અને અમેરિકી સૈનિકો માટે જરૂરી સપ્લાય લઈને જતા હતા. જુદા જુદા રિસર્ચમાં જાણવા મળ્યું છે કે, જ્યાં કાટમાળ નજરે પડ્યો છે તે ખુબ જ જટિલ વિસ્તાર છે. પહોંચવાની બાબત મુશ્કેલરુપ છે. ૧૩ લોકોની સાથે આ વિમાન ત્રીજી જૂનના દિવસે આસામના એરબેઝથી રવાના થયું હતું. ત્યારબાદ સુખોઈ ૩૦, સી-૧૩૦,

● અનુસંધાન પાન-૭ પર

## બંગાળમાં વિસ્ફોટક સ્થિતિ : બોમ્બથી હુમલો

**બેના મોત : બોંબ બ્લાસ્ટમાં અન્ય ૪ લોકો ઘાયલ થયા : બંગાળમાં રાજકીય હિંસામાં ડઝનથી વધુ લોકોના મોતથી તંગદિલી : મમતા બેનર્જી અને કેન્દ્ર સરકાર સામ સામે : પશ્ચિમ બંગાળમાં રાષ્ટ્રપતિ શાસનને લઇ અટકળોનો દોર શરૂ**



કોલકત્તા,તા. ૧૧

પશ્ચિમ બંગાળમાં હિંસાનો દોર જારી રહ્યો છે. રક્તપાતના દોર વચ્ચે પણ પરિસ્થિતિ કાબૂમાં હોવાની અને રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવાની હાલમાં કોઈ ચર્ચા ચાલી રહી નથી. અલબત્ત ભારતીય જનતા પાર્ટીના એક વર્ગ દ્વારા માંગ કરવામાં આવી છે કે, પશ્ચિમ બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરી દેવાની જરૂર છે. રક્તપાતના દોર વચ્ચે આજે પશ્ચિમ બંગાળના ઉત્તર ૨૪ પરગના જિલ્લાના કાંકીનારામાં બોંબ બ્લાસ્ટ થતા બે લોકોના મોત થયા છે. સાથે સાથે અન્ય ચાર લોકો ઘાયલ થયા છે.

લોકસભાની ચૂંટણી બાદ ટીએમસી અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો વચ્ચે હિંસક અથડામણ જારી રહી છે. આ અથડામણમાં કારણે હાલત વધારે ખરાબ થઈ રહી છે. જો કે હજુ સુધી સ્પષ્ટતા થઈ નથી કે પ્રદેશમાં માહોલ ખરાબ કરવામાં કોની ભૂમિકા રહેલી છે. સ્થાનિક લોકોનુ કહેવુ છે કે કેટલાક વણઓળખાયેલા લોકો દ્વારા બોંબ ઝીંકવામાં આવ્યો હતો. આ વિસ્તારમાં લુટની ઘટના પણ બની રહી છે. આ પહેલા સંઘ અને ભાજપના કાર્યકરોના મૃતદેહ વૃક્ષ પર લટકેલી હાલતમાં મળી આવ્યા બાદ સમગ્ર વિસ્તારમાં સનસનાટી મચી ગઈ હતી.

● અનુસંધાન પાન-૭ પર

## પત્રકારને મુક્ત કરવા સુપ્રીમનો આદેશ

નવી દિલ્હી,તા. ૧૧

ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ પર વિવાદાસ્પદ ટિપ્પણી કરવા અને મુકવાનો આદેશ કર્યો હતો. જો કે, આને લઈને રાજકીય ગરમી વધી ગઈ છે. સુપ્રીમ કોર્ટે આજે સુનાવણી કરતી વેળા પત્રકાર ઉત્તરપ્રદેશ પોલીસને જોરદાર ફટકાર લગાવી હતી. સાથે સાથે કહ્યુ હતુ કે આખરે કઈ કલમ હેઠળ પત્રકારની ધરપકડ કરવામાં આવી

**યોગી પર વિવાદાસ્પદ ટિપ્પણી કરવાનો મામલો : પત્રકાર પ્રશાંત કનોજિયાની સામે કેસ યથાવત જારી રહેશે : કયા આધાર ઉપર ધરપકડ તેને લઇને સુપ્રીમે કરેલ પ્રશ્નો**

વિડિયો શેયર કરવાના મામલામાં સુપ્રીમ કોર્ટે આજે યોગી સરકારને જોરદાર ફટકાર લગાવી હતી. સાથે સાથે પત્રકારને તરત છોડી પ્રશાંત કનોજિયાને તરત જ મુક્ત કરવા માટે યુપી સરકારને આદેશ કર્યો હતો. આ મામલાની સુનાવણી ચલાવતી વેળા સુપ્રીમ કોર્ટે હતી. પત્રકાર કનોજિયાને તરત મુક્ત કરવા માટેના આદેશ કર્યા છે પરંતુ પત્રકારની સામે કેસ તો

● અનુસંધાન પાન-૭ પર



## બંગાળમાં મમતા બેનર્જી દ્વારા સ્કૂલમાં વિદ્યાસાગરની પ્રતિમાનું અનાવરણ

કોલકાતા,તા.૧૧

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કોલકાતાના વિદ્યાસાગર કોલેજમાં સમાજ સુધારક ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની પ્રતિમાનું અનાવરણ કર્યુ છે. ગત મહિને ૧૪ મેનાં રોજ અમિત શાહના રોડ શો દરમિયાન ભાજપ અને તૃણમૂલ કાર્યકર્તાઓ વચ્ચે અથડામણ થઈ હતી. જેમાં વિદ્યાસાગરજીની પ્રતિમા ખંડિત થઈ હતી. બંને પાર્ટીઓએ એક બીજા પર વિદ્યાસાગરજીની મૂર્તિ તોડવાનો આરોપ લગાવ્યો હતો.

મમતાએ અહીં વિદ્યાસાગરની બે પ્રતિમાનું અનાવરણ કર્યુ. પહેલી પ્રતિમા વિદ્યાસાગર કોલેજના ગેટ પર અને બીજી વિદ્યાસાગર સેતુ પર સ્થાપિત કરાઈ છે. મમતાએ વિદ્યાસાગરની પ્રતિમા પર માલ્યાર્પણ કર્યા.

## ઈજાને કારણે શિખર ધવન આગામી મેચ નહિ રમી શકે

**વર્લ્ડકપમાં ટીમ ઇન્ડિયાને ફટકો પડ્યો : ઓસ્ટ્રેલિયા સામે ઇજા બાદ અંગૂઠામાં ફ્રેક્ચર આવતા મુશ્કેલી : ત્રણ સપ્તાહ સુધી તબીબોની આરામની સલાહ**



નવીદિલ્હી, તા. ૧૧

વિશ્વકપમાં શરૂઆતની બે મેચોમાં શાનદાર દેખાવ કરનાર ભારતીય ટીમને આજે મોટો ફટકો પડ્યો હતો. ઓસ્ટ્રેલિયાની સામે મેચમાં ઈજાગ્રસ્ત થયા બાદ શિખર ધવન હવે વર્લ્ડકપમાં સંભવિતરીતે રમી શકશે નહીં. મંગળવારના દિવસે કરાવવામાં આવેલા સ્કેન બાદ શિખર ધવનના અંગુઠામાં ફ્રેક્ચર હોવાની બાબત સપાટી ઉપર આવી છે અને તબીબોએ શિખર ધવનને ત્રણ સપ્તાહ સુધી આરામ કરવાની સલાહ આપી દીધી છે. ઓસ્ટ્રેલિયાની સામે મેચ દરમિયાન શિખર ધવનના ડાબા હાથના અંગૂઠા ઉપર ઈજા થઈ હતી. ઓસ્ટ્રેલિયાની સામે વિશ્વકપ મેચમાં ભારતની જીતમાં શિખર ધવન હિરો તરીકે રહ્યો હતો. ઝડપી બોલર કોલ્ટર નાઈલની બોલિંગમાં તેને ઈજા થઈ હતી. ઈજા થઈ હોવા છતાં શિખર ધવને બેટિંગ જારી રાખી હતી. શિખર ધવને ૧૦૯ બોલમાં ૧૧૭ રનની ઈનિંગ્સ રમી હતી. ધવનની ઈજાના પરિણામ સ્વરુપે તે ફિલ્ડિંગ કરવા માટે મેદાનમાં ઉતરી શક્યો ન હતો. રવિન્દ્ર જાડેજાએ ૫૦ ઓવર સુધી ફિલ્ડિંગ કરી હતી. ભારતીય ટીમની સાથે ઓપનિંગ બેટ્સમેન તરીકે કેએલ રાહુલ વિકલ્પ તરીકે છે. રાહુલ અગાઉ પણ ઓપનિંગમાં બેટિંગ કરી ચુક્યો છે. ધવનની જગ્યાએ ટીમમાં ઓપનિંગમાં કોને જગ્યા મળશે તેને લઈને ચર્ચા ચાલી રહી છે. સુત્રોના કહેવા મુજબ ધવનની જગ્યાએ વ્યાપક વિચારણા બાદ બેટ્સમેનને

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225